## HFHS દર્દી નાણાકીય સહાય નીતિ

## નીતિ

આ HFHS દર્દી નાણાકીય સહાય નીતિ ("નીતિ") એવા દર્દીઓ માટે નાણાકીય સહાયતાની યોગ્યતાને ધ્યાનમાં લેવા માટે બનાવવામાં આવી છે કે જેઓને આર્થિક સહાયની જરૂર હોય અને Henry Ford Health System ("HFHS") પાસેથી આપાતકાલિન અને અન્ય તબીબી સારવારની જરૂર હોય અને તે પરિશિષ્ટ એ અને તેમના આનુષંગિક ક્લિનિક્સ ("HFHS સુવિધાઓ") માં લખેલી દરેક HFHS સુવિધાઓને લાગુ પડે છે. તમામ આર્થિક સહાય HFHSની દરેક દર્દીને સન્માન, આદર અને કરુણાપૂર્વક સારવાર આપવા માટેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરશે.

HFHS સુવિધાઓમાં આપાતકાલિન કે અન્ય તબીબી સારવાર પહોંચાડતી HFHS સેવા પ્રદાતાઓની યાદીને આ નીતિ હેઠળ આવરી લેવામાં આવી છે અને જે આવરી લેવામાં નથી આવી તે HFHSની વેબસાઇટ (henryford.com) પર અલગથી મૂકવામાં આવે છે. HFHS સેવા પ્રદાતાની યાદી HFHS વેબસાઇટ પરથી કે ઑનલાઇન અને કાગળ પર બંને પ્રકારે અથવા તો પરિશિષ્ટ-Aમાં આપેલી HFHS સુવિધાઓ પૈકી કોઈ એકને ફોન કરીને મેળવી શકાય છે.

## પરિભાષાઓ:

- **સામાન્ય બિલની રકમ (Amounts Generally Billed, AGB):** જેનો અર્થ એવો થાય છે કે સામાન્ય રીતે આપાતકાલિન કે અન્ય તબીબી આવશ્યક સારવાર માટે જે લોકો પાસે આવી સારવારનો વીમો હોય તે માટે જરૂરી રકમ.
- **આપાતકાલિન સારવાર:** તેનો અર્થ એ છે કે તબીબી સ્થિતિની સારવાર, જેમ કે તુરંત તબીબી સહાયની ગેરહાજરી, તાર્કિક તબીબી સહાયની ગેરહાજરીમાં પરિણમે તેવી અપેક્ષા રાખી શકાય તેવા પૂરતી તીવ્રતા (તીવ્ર પીડા સહિત) ના તીવ્ર લક્ષણો દ્વારા જાતે પ્રગટ થાય છે:
    - વ્યક્તિના સ્વાસ્થ્યને (અથવા સગર્ભા સ્ત્રીના સંદર્ભમાં, સ્ત્રી અથવા તેના અજાત બાળકનું સ્વાસ્થ્ય) ગંભીર જોખમમાં મૂકવું,
    - શારીરિક કાર્યોમાં ગંભીર ક્ષતિ, અથવા
    - કોઈપણ શારીરિક અંગ અથવા ઉપાંગની કામગીરીને ગંભીર અસર, અથવા
    - સગર્ભા સ્ત્રીને થતી પ્રસુતિની પીડાના સંદર્ભમાં - (a) પ્રસૂતિ પહેલા સલામત સ્થાનાંતરણ કે બીજી હોસ્પિટલમાં ખસેડવા માટે અપૂરતો સમય હોય અથવા (b) તે સ્થાનાંતરણમાં મહિલા અથવા ગર્ભસ્થ શિશુના સ્વાસ્થ્ય અથવા સલામતીને લઈને ખતરો ઉભો કરી શકે.
- **ગેરંટર:** એટલે દર્દી માટે નહીં પરંતુ દર્દીના બિલ માટે જવાબદાર વ્યક્તિ.
- **ઘરેલુ આવક:** કરની કમાણી, બેરોજગારી ભથ્થુ, કામદારોનું વળતર, સામાજિક સુરક્ષા, પૂરક સુરક્ષા આવક, સરકારી સહાય, વેટરન પેમેન્ટ, બચાવના લાભો, પેન્શન અથવા નિવૃત્તિ આવક, વ્યાજ, ડિવિડન્ડ, ભાડાં, રોયલ્ટી, એસ્ટેટ, ટ્રસ્ટ, શૈક્ષણિક સહાયની આવક, ખોરાકી, બાળ સહાય, ઘરેલુ સિવાયની સહાય અને અન્ય પરચુરણ સ્રોતો. ફૂડ સ્ટેમ્પ અને

હાઉસિંગ સબસિડી અથવા મૂડી લાભ અથવા નુકસાન જેવા બિન-રોકડ લાભો શામેલ નથી. જો કોઈ વ્યક્તિ કુટુંબ સાથે રહેતી હોય તો ઘરના તમામ સભ્યોની આવકનો સમાવેશ આવશ્યક છે (ઘરેલુ ભાગીદારો સહિત) સિવાય કે કુટુંબના સભ્યો ભાડું ચુકવતા હોય અને / અથવા મકાનમાલિકોના આશ્રિત ન હોય. ઘરના કામવાળા જેવા બિન-સંબંધીઓનો સમાવેશ થઈ શકતો નથી. નિર્ભરતાની સ્થિતિ દરેક કેસના આધારે નક્કી કરવામાં આવશે.

- **Henry Ford નાણાકીય સહાય સમિતિ:** તે રેવન્યૂ સાઇકલ વાઇસ પ્રેસિડેન્ટ દ્વારા નિયુક્ત નેતૃત્વના ત્રણ સભ્યોની બનેલી છે.
- **HFHS સેવા પ્રદાતા:** HFHS સુવિધામાં સેવાઓ આપવા માટે જરૂરી ક્લિનિકલ વિશેષાધિકારો ધરાવતા હેલ્થકેર વ્યવસાયી
- **તબીબી રીતે જરૂરી સેવાઓ:** તે તમારી તબીબી સ્થિતિના નિદાન અથવા ઉપચાર માટે યોગ્ય અને આવશ્યક છે અને તે તમારી તબીબી સ્થિતિના નિદાન, પ્રત્યક્ષ સંભાળ અને ઉપચાર માટે પ્રદાન કરવામાં આવે છે, સ્થાનિક ક્ષેત્રમાં સારી તબીબી પ્રેક્ટિસના ધોરણોને પાળે છે અને તે મુખ્યત્વે તમારી કે તમારા આરોગ્ય સંભાળ પ્રદાતાની સુવિધા માટે નથી

**<u>નાણાકીય સહાય માટે પાત્રતા માપદંડ:</u>**

આ નીતિ હેઠળ HFHS નાણાકીય સહાય માટેની લાયકાત નીચે મુજબ વર્ણવેલ મિલકત પરીક્ષણને પૂરી કરવા માટેની નીચેની ત્રણ પદ્ધતિઓ પૈકી એક હેઠળ દરેક ઉમેદવાર માટે નક્કી કરવામાં આવશે. જે દર્દીઓ આ નીતિ હેઠળ પાત્રતાના માપદંડને પૂર્ણ કરતા નથી, તેઓ HFHS દ્વારા આપવામાં આવતા, જેમાં વિવિધ સમુદાય આધારિત કાર્યક્રમોનો સમાવેશ થાય તેવા અન્ય નાણાકીય સહાય કાર્યક્રમો હેઠળ નાણાકીય સહાય માટે પાત્ર હોઈ શકે છે. આ પ્રોગ્રામ્સ વિશે વધુ માહિતી માટે, henryford.com પર જાઓ.

આ નીતિ હેઠળ નાણાકીય સહાયનો હેતુ છેલ્લા ઉપાયના ચુકવણીકાર તરીકે ઉપયોગ કરવાનો છે. નાણાકીય સહાયની છૂટ પર વિચારણા કરતા પહેલાં, HFHS દર્દીને Medicaid અથવા અન્ય સરકારી સહાયતા કાર્યક્રમો માટે અરજી કરવાની જરૂરિયાત બતાવી શકે છે.

અરજી પ્રક્રિયા દરમિયાન આપવામાં આવેલી માહિતી અચોક્કસ અથવા અપૂર્ણ હોય તો HFHS કોઈપણ નાણાકીય સહાય મંજૂરીઓને ફગાવી દેવાનો અધિકાર અનામત રાખે છે. આવા સંજોગો ઉદભવે તેવી સ્થિતિમાં દર્દી અને / અથવા ગેરેન્ટરને સૂચિત કરવામાં આવશે અને તે ચુકવણી માટે જવાબદાર રહેશે.

**પાત્રતા પદ્ધતિ (1) - પરંપરાગત:**

- યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં કાયમી રહેઠાણ
- HFHSના પ્રાથમિક સેવા વિસ્તારો વેઇન, મેકોમ્બ, ઑકલેન્ડ અને જેક્સન કાઉન્ટીઓમાં વ્યક્તિગત નિવાસ. ઉપર સૂચિબદ્ધ કાઉન્ટીની બહાર સ્થિત HFHS સુવિધામાં સારવાર લેતા દર્દીઓ માટે, જો દર્દીનું કાયમી રહેઠાણ HFHS સુવિધાના પાંચ માઇલની ત્રિજ્યામાં હોય તો તેઓ આર્થિક સહાય માટે પાત્ર થઈ શકે છે.
- HFHS સેવા પ્રદાતા સાથે HFHS સુવિધામાં સારવાર લેવી
- ફેડરલ ગરીબી સ્તર (Federal Poverty Level, “FPL”). ની 400% સુધીની વાર્ષિક એકંદર ઘરેલુ આવક. જો કોઈ દર્દીની વાર્ષિક આવક ફેડરલ ગરીબી સ્તરના 250% જેટલી અથવા તેના કરતા ઓછી હોય, તો દર્દી 100% ડિસ્કાઉન્ટ માટે પાત્ર થઈ શકે છે. જો કોઈ દર્દીની વાર્ષિક આવક ફેડરલ ગરીબી સ્તરના 251% થી 400% હોય,

તો દર્દી આંશિક છૂટ માટે લાયક બની શકે છે. વીમાવાળા અને વીમા વિનાના દર્દીઓ માટે સ્લાઇડિંગ સ્કેલ ડિસ્કાઉન્ટ માટે નીચે સ્લાઇડિંગ સ્કેલ કોષ્ટકો જુઓ.

**પાત્રતા પદ્ધતિ (2) - આપત્તિજનક:**

- દર્દીઓ, કે જેમણે 12 મહિનાના સમયગાળા દરમિયાન, આપત્તિજનક તબીબી પરિસ્થિતિના પરિણામે HFHS સુવિધા પર મોટું તબીબી લેણું કર્યું છે અને તેને પરિણામે તેમના ખિસ્સામાંથી નીકળેલો તબીબી ખર્ચ તેમની કુલ વાર્ષિક ઘરેલુ આવકના 30% કરતા વધારે થાય છે.
- યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં કાયમી રહેઠાણ
- HFHSના પ્રાથમિક સેવા વિસ્તારો વેઇન, મેકોમ્બ, ઑકલેન્ડ અને જેક્સન કાઉન્ટીઓમાં વ્યક્તિગત નિવાસ. ઉપર સૂચિબદ્ધ કાઉન્ટીની બહાર સ્થિત HFHS સુવિધામાં સારવાર લેતા દર્દીઓ માટે, જો દર્દીનું કાયમી રહેઠાણ HFHS સુવિધાના પાંચ માઇલની ત્રિજ્યામાં હોય તો તેઓ આર્થિક સહાય માટે પાત્ર થઈ શકે છે.
- HFHS સેવા પ્રદાતા સાથે HFHS સુવિધામાં સારવાર લેવી.

નાણાકીય સહાય માટે ઉપરોક્ત લાયકાત પૂર્ણ કરતા દર્દીઓ નીચેની છૂટ માટે પાત્ર રહેશે:

- દર્દીઓનું બાકીનું તબીબી દેવું ઘરની આવકના 30% સાથે સમાયોજિત કરવામાં આવશે.
- પદ્ધતિ 1 અને પદ્ધતિ 2 બંને પદ્ધતિ હેઠળ લાયક દર્દીઓ બેમાંથી વધુ ડિસ્કાઉન્ટ મેળવશે.

**પાત્રતા પદ્ધતિ (3) - ધારણાત્મક:**

- HFHS સંભવિત ધોરણે નાણાકીય સહાય માટેની લાયકાત નક્કી કરી શકે છે; જેમાં તૃતીય-પક્ષ સ્કોરિંગનો ઉપયોગ કરીને, સમુદાયઆધારિત કાર્યક્રમોમાંથી સંદર્ભો- અને આવકના આધારે સરકારી કાર્યક્રમોની મંજૂરી .
- નાણાંકીય સહાય માટે ગર્ભિત લાયકાત પૂર્ણ કરતા દર્દીઓ આંશિક ડિસ્કાઉન્ટ અથવા ઇમરજન્સી અને અન્ય તબીબી આવશ્યક કેર પર 100%ની સંપૂર્ણ છૂટ માટે પાત્ર હોઈ શકે છે. જો કોઈ દર્દીની વાર્ષિક આવક ફેડરલ ગરીબી સ્તરના 250% જેટલી અથવા તેના કરતા ઓછી હોય, તો દર્દી 100% ડિસ્કાઉન્ટ માટે પાત્ર થઈ શકે છે. જો કોઈ દર્દીની વાર્ષિક આવક ફેડરલ ગરીબી સ્તરના 251% થી 400% હોય, તો દર્દી આંશિક છૂટ માટે લાયક બની શકે છે. વીમાવાળા અને વીમા વિનાના દર્દીઓ માટે સ્લાઇડિંગ સ્કેલ ડિસ્કાઉન્ટ માટે નીચે સ્લાઇડિંગ સ્કેલ કોષ્ટકો જુઓ.

**<u>નાણાકીય સહાય માટે લાયક દર્દી બેલેન્સ</u>**

આ નીતિ હેઠળ નાણાકીય સહાય છૂટ માટે પાત્ર દર્દી બેલેન્સમાં શામેલ હોઈ શકે છે અને તે આટલા પુરતું મર્યાદિત નથી:

- સહ-વીમો, કપાતપાત્ર અને સહ-ચુકવણી રકમ
- આરોગ્ય યોજનાના કવરવાળા એવા દર્દીઓ જેનો HFHS સાથે કરાર સંબંધ નથી અથવા જ્યારે HFHS પ્રદાતા આરોગ્ય યોજનાના નેટવર્કમાં ભાગ લેતો નથી તેના માટે શુલ્ક
- જેણે તેમના ફાયદા ખતમ કરી દીધા છે તેવા વીમાવાળા દર્દીઓ માટેના શુલ્ક,
- વાણિજ્યિક, Medicare અથવા Medicaid પ્રોગ્રામ્સ હેઠળ આવરી લેવામાં આવેલા દર્દીઓને પૂરી પાડવામાં આવતી નોન-કવર સેવાઓ માટેનો શુલ્ક

- વ્યવસાયિક, Medicare અથવા Medicaid પ્રોગ્રામ હેઠળ આવરી લેવા માટેની સમયાવધિ ઓળંગનારા દર્દીઓ માટેના શુલ્ક

આ નીતિમાં નાણાંકીય સહાયતા અમારી વીમા વિનાની ડિસ્કાઉન્ટ નીતિમાં નિર્ધારિત અનિશ્ચિત ડિસ્કાઉન્ટ ઉપરાંતની છે જેના માટે નાણાકીય સહાય ટીમને (313) 874-7800 પર ફોન કરીને વિનંતી કરી શકાય છે.

**<u>સ્લાઇડિંગ સ્કેલ ડિસ્કાઉન્ટ કોષ્ટકો:</u>**

***વીમા વિનાના દર્દીઓ:***

FPLના 400% કરતા ઓછી આવકવાળા વીમા વિનાના દર્દીઓની લાયકાત માટે, દર્દીની જવાબદારી નીચેના કોષ્ટકના આધારે Medicareની મંજૂરીપાત્ર રકમની ટકાવારીમાં સમાયોજિત કરવામાં આવે છે:

| ઘરેલુ આવક | Medicare શુલ્કના % |
|---|---|
| FPLના 350% -400% | 91% |
| FPLના 300%-350% | 61% |
| FPLના 250%-300% | 30% |
| FPLથી <250% | 0% |

વીમા વિનાના 250% થી ઓછી આવક ધરાવતા પાત્રતાવાળા દર્દીઓને 100% રાહત આપવામાં આવે છે

***વીમાવાળા દર્દીઓ:***

FPLના 400% કરતા ઓછી આવકવાળા વીમાવાળા દર્દીઓની પાત્રતા માટે, દર્દીની જવાબદારીમાં નીચે આપેલા કોષ્ટકના આધારે છૂટ આપવામાં આવે છે

| ઘરેલુ આવક | બેલેન્સ બાકી હોવાને કારણે ડિસ્કાઉન્ટ |
|---|---|
| FPLના 350% -400% | 25% |
| FPLના 300%-350% | 50% |
| FPLના 250%-300% | 75% |
| FPLથી <250% | 100% |

**<u>મિલકત પરિક્ષણ:</u>**

નાણાકીય સહાય માટે દર્દીની યોગ્યતા નક્કી કરવા માટે, HFHS સ્લાઇડિંગ સ્કેલ ડિસ્કાઉન્ટનો ઉપયોગ કરે છે જે દર્દીની ઘરેલુ આવક અને લાયક સંપત્તિને ધ્યાનમાં લે છે.

જો દર્દીની આવકને ધ્યાનમાં લીધા વિના દર્દીની ઘરેલુ મિલકતનું મૂલ્ય $ 100,000 અથવા વધુ હોય તો, આ નીતિ હેઠળ દર્દી આર્થિક સહાય માટે પાત્ર નથી. સુરક્ષિત મિલકતની યાદીમાં ન આવતી મિલકતોને તબીબી ખર્ચની ચુકવણી માટે

ઉપલબ્ધ ગણવામાં આવશે. HFHS દર્દીને આપવામાં આવતી રાહતનો દર નિર્ધારિત કરવામાં વર્તમાન વર્ષની આવક તરીકે વધારાની ઉપલબ્ધ મિલકતને ગણતરીમાં લઈ શકે છે.

*સંરક્ષિત મિલકતો:*

- એક જ પ્રાથમિક અંગત રહેઠાણમાં હિસ્સેદારીના પ્રથમ $ 1,000,000 ના 100%; અને ત્યારબાદના પ્રાથમિક રહેઠાણમાં 50% હિસ્સેદારી
- IRA, 401k, રોકડ મૂલ્ય નિવૃત્તિ યોજનાઓ / પેન્શન
- વ્યવસાયમાં ઉપયોગમાં લેવાતી વાજબી મિલકત
- અંગત મિલકત
- કોલેજ બચત યોજનાઓ

**નાણાકીય સહાય માટે લાયક ન હોય તેવા દર્દીઓ:**

વીમા વિનાના દર્દીઓ જેમાં આ નીતિ હેઠળ નાણાકીય સહાયના માપદંડને પૂર્ણ કરતા નથી અથવા HFHS દ્વારા પ્રદાન કરવામાં આવતા અન્ય ઉપલબ્ધ નાણાકીય સહાય કાર્યક્રમોમાં વીમા વિનાના રાહત દરના આધારે સેવા માટે ચાર્જ લેવામાં આવશે. વધુ માહિતી માટે, https://www.henryford.com/visitors/billing પર વીમા વિનાના ડિસ્કાઉન્ટ રેટ નીતિનો સંદર્ભ લો.

જ્યાં સારવાર મેળવી હોય તે HFHSસુવિધામાં ઇનકાર થયાના 30 દિવસની અંદર ફાઇનાન્સિયલ Henry Ford આર્થિક સહાય .સહાય સમિતિને પત્ર લખીને કોઈ દર્દી તેની આર્થિક સહાયની અરજીના અસ્વીકારને પડકારી શકે છે માટ ેની લાયકાત એ ક્લિનિકલ સારવાર ટીમના ઇનપુટ સાથે HFHSરેવન્યુ સાઇકલ મેનેજમેન્ટની મંજૂરીને આધિન છે.

વિશેષ સંજોગો માટે બાંયધરી આપી હોય તેમાં અપવાદ હોઈ શકે છે. આવા અપવાદોને પ્રત્યેક કેસના આધારે ધ્યાનમાં લેવામાં આવશે. કરવામાં આવેલ કોઈપણ અપવાદ નીતિમાં પરિવર્તન લાવતો નથી અથવા તે બાંયધરી આપતો નથી કે આ જ નિર્ણય ભવિષ્યમાં લાગુ થશે. દર્દીઓ **(313) 874-7800 પર** અથવા **financialassistanceapp@hfhs.org** પર ઇ-મેઇલ દ્વારા અમારો સંપર્ક કરી શકે છે, તે માટે તેમની પાસે તેમની નાણાકીય સહાયની અરજીને લઈને વધારાના પ્રશ્નો હોવા જોઈએ.

**નાણાકીય સહાય માટે પાત્ર દર્દીઓ માટેના શુલ્ક પર મર્યાદાઓ**

જે દર્દીઓ આર્થિક સહાય માટે લાયક હોય તેઓને ઇમરજન્સી અને અન્ય તબીબી જરૂરી સારવાર માટે AGB કરતા વધુ અને અન્ય તમામ તબીબી સારવાર માટેના કુલ ખર્ચ કરતાં વધુ શુલ્ક લેવામાં આવશે નહીં. દરેક HFHS સુવિધા એક અથવા વધુ AGB ટકાવારીઓની ગણતરી માટે લુક-બેક પદ્ધતિનો ઉપયોગ કરે છે. AGB ટકાવારીની દાવાઓ સાથે સંકળાયેલા કુલ શુલ્કની રકમ દ્વારા, 12 મહિનાના સમયગાળા દરમિયાન HFHS સુવિધા માટે દાવાઓ ચૂકવનારા તમામ Medicare ફી-સર્વિસ અને ખાનગી આરોગ્ય વીમાદાતાઓના સરવાળાનો ભાગાકારને ગણતરી કરવામાં આવે છે.

**<u>નાણાકીય સહાય માટે અરજી કરવી:</u>**

HFHS દર્દી અને / અથવા ગેરેન્ટરને પ્રારંભિક બિલ આપ્યાના 240 દિવસ સુધીમાં દર્દીઓ અને / અથવા ગેરેન્ટર કોઈપણ સમયે આર્થિક સહાય માટે અરજી કરી શકે છે. બદલામાં HFHS અરજી પર કાર્યવાહી કરશે અને પૂર્ણ થયેલ અરજી પ્રાપ્ત થયાના 30 કામકાજના દિવસની અંતર્ગત અરજીની પાત્રતા નક્કી કરશે. નિર્ણયના આધારે નિર્ણય અંગે લેખિતમાં વ્યક્તિને સૂચિત કરવામાં આવશે.

નાણાકીય સહાય માટે પાત્રતા માટે, દર્દી / ગેરેન્ટરે દર્દીની નાણાકીય સહાયતાની અરજી પૂરી કરવી જરૂરી રહેશે. અરજી HFHS નાણાકીય સહાયની વેબસાઇટ પર ઉપલબ્ધ છે: https://www.henryford.com/visitors/billing/financial-assistance. દર્દી HFHS સુવિધામાં જરૂરી દસ્તાવેજો સાથે સંપૂર્ણ અરજીને મેઇલ અથવા ફેક્સ દ્વારા મોકલી શકે છે જ્યાં સારવાર માટે મંજૂરી માંગવામાં આવી હતી. HFHS સુવિધાનું સરનામું અને ફેક્સ નંબર માટે, કૃપા કરીને પરિશિષ્ટ-A નો સંદર્ભ લો.

જો કોઈ દર્દી HFHS વેબસાઇટ પરથી અરજી ડાઉનલોડ કરવામાં અસમર્થ હોય, તો કૃપા કરીને દર્દીના નિવાસ સ્થાને હાર્ડકોપીમાં અરજીને મોકલવાની વિનંતી કરવા માટે પરિશિષ્ટ-A નો સંદર્ભ લો. બહુવિધ ભાષાઓમાં અરજીની સમીક્ષા કરવા માટે કૃપા કરીને નીચેની લિંકની મુલાકાત લો: https://www.henryford.com/visitors/billing/financial-assistance/documents.

જો કોઈ દર્દીને તેની અરજીને લઈને પ્રશ્નો હોય અને / અથવા અરજીને પૂર્ણ કરવામાં સહાયની જરૂર હોય, તો કૃપા કરીને જ્યાં દર્દીને સારવાર પ્રાપ્ત થાય છે તે HFHS સુવિધાનો સંપર્ક કરવા પરિશિષ્ટ-A જુઓ

જરૂરી દસ્તાવેજોમાં આટલું શામેલ હોઈ શકે છે:

- તમામ લાગુ માળખા સહિત, તાજેતરના કર વર્ષ (ફોર્મ 1040) માટે ફેડરલ આવકવેરા રીટર્ન
- સૌથી તાજેતરનાં વેતન અને કરવેરા સ્ટેટમેન્ટ (ફોર્મ W-2) અને / અથવા પરચુરણ આવક (ફોર્મ 1099)
- ઘરના દરેક સભ્ય માટે ચાલુ વર્ષની આજના દિવસ સુધીની કમાણી સાથે છેલ્લા 2 મહિનાના પગારની સ્લીપની નકલ અથવા કુલ વેતનની ચકાસણી કરતા એમ્પ્લોયરનું સ્ટેટમેન્ટ
- અન્ય આવકનો પુરાવો (એટલે કે ભાડાંની મિલકત, વગેરે)
- ચેકિંગ/ સેવિંગ ખાતાંના બેંક સ્ટેટમેન્ટની છેલ્લા 2 મહિનાની તાજેતરની નકલ
- મિશિગનનું માન્ય ડ્રાઇવર લાઇસન્સ અથવા મિશિગન સ્ટેટના ઓળખપત્રની નકલ
- જો લાગુ પડતું હોય તો, Medicaid, હેલ્થી મિશિગન અથવા માર્કેટપ્લેસ અને / અથવા COBRA દસ્તાવેજીકરણનો અસ્વીકાર
- દર્દીની આર્થિક જરૂરિયાતનું વ્યક્તિગત નિવેદન

HFHS પાસે જ્યારે તેને પૂરા પાડવામાં આવેલા કોઈપણ સહાયક દસ્તાવેજોના આધારે આવક અને / અથવા સ્પષ્ટતાની વધુ ચકાસણીની જરૂર હોય ત્યારે વધારાના દસ્તાવેજોને માંગવાનો અધિકાર અનામત છે. HFHS આ નીતિ અથવા નાણાકીય સહાય અરજીની સ્પષ્ટ રૂપે આવશ્યકતા નથી તેવા દસ્તાવેજ પ્રદાન કરવામાં અરજદારની નિષ્ફળતાના આધારે નાણાકીય સહાયને નકારી શકે નહીં.

**બિલિંગ અને કલેક્શન:**

HFHSની નહીં કરેલી ચૂકવણી માટે બિલિંગ અને સંગ્રહ ક્રિયાઓ એક અલગ દર્દી બિલિંગ અને સંગ્રહ નીતિમાં વર્ણવવામાં આવી છે, જે (313) 874-7800 પર નાણાકીય સહાય ટીમનો સંપર્ક કરીને અથવા Henry Ford Health System વેબસાઇટ www.henryford.com પરથી મફત મેળવી શકાય છે.

**પરિશિષ્ટ-A:**

**કૃપા કરીને જ્યાંથી સારવાર મળી હતી તે સુવિધામાં દસ્તાવેજો મોકલો:**

| સુવિધા | સરનામું | ફોન/ફેક્સ #/ઇમેઇલ- |
|---|---|---|
| **Henry Ford Allegiance Health Hospitals** | Henry Ford Allegiance Health<br>Department 64787<br>Drawer 64000<br>Detroit, MI 48264 | ફોન : (517) 205-4920 |
| **Henry Ford Hospital and Medical Centers** | Henry Ford Hospital<br>Patient Financial Assistance Planning Office<br>2799 West Grand Blvd.<br>K-1, West 107 Clinic Building<br>Detroit, MI 48202 | ફોન: (313) 916-4510<br>ફેક્સ: (313) 916-4501 |
| **Henry Ford Kingswood Hospital & Henry Ford Maplegrove Center** | Behavioral Health Services<br>Attn: BHS Revenue Services<br>1 Ford Place, Room 1F111<br>Detroit, MI 48202 | ફોન : (313) 874- 9501<br>ફેક્સ: (313) 874-6895 |
| **Henry Ford Macomb Hospitals** | Henry Ford Macomb Hospital<br>Attn: Financial Support<br>15855 19 Mile Rd.<br>Clinton Township, MI 48038 | ફોન : (586) 263-2696<br>ફેક્સ: (586) 263-2697 |
| **Henry Ford West Bloomfield Hospital** | Henry Ford West Bloomfield Hospital<br>Attn: Revenue Services<br>6777 West Maple<br>West Bloomfield, MI 48322 | ફોન :(248) 325-0201<br>ફેક્સ: (248) 325-0235 |
| **Henry Ford Wyandotte Hospital & Henry Ford Medical Center - Brownstown** | Henry Ford Wyandotte Hospital<br>Attn: Hospital Patient Financial Assistance Programs<br>2333 Biddle Ave.<br>Wyandotte, MI 48192 | ફોન: (734) 916-4501<br>ફેક્સ: (734) 246-7926 |
| **Henry Ford Health System Corporate Business Office** | | ફોન :(313) 874-7800<br>ઇ-મેઇલ: financialassistanceapp@hfhs.org |